# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૪ જુલાઈ, ૨૦૧૫ (શનિવાર)

#### 1) બી.એસ.એન.એલ એ પ્રીપેડ કાર્ડ સ્પીડ પે લોન્ચ કર્યુ :–

- આ કાર્ડથી ગ્રાહકો ઓનલાઈન ખરીદી સાથે એટીએમમાંથી પૈસા પણ કાઢી શકશે.
- સ્પીડ પે કાર્ડમાં ૧ લાખ રૂપિયા રાખી શકાશે.

#### 2) લોબ શોટ :– ટેનિસ

- ટેનિસમાં કોઈ ખેલાડી બે પગની વચ્ચેથી બોલને ફટકારી શોટ લગાવે તેને લોબ શોટ કહેવાય છે.
- હાલમાં વર્ષની ત્રીજી ગ્રાન્ડ સ્લેમ વિમ્બલ્ડનમાં ફેડરરે આવો શોર્ટ ફટકાર્યો હતો.

#### 3) 'ઈન્ટરનેટ સાથી' :–

- ટાટા ટ્રસ્ટસ અને ગૂગલ ઈન્ડિયા દ્વારા 'ઈન્ટરનેટ સાથી' કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો.
- આ પહેલ દ્વારા ગ્રામીણ મહિલાઓને ઈન્ટરનેટના ઉપયોગ અને લાભની પાયાની તાલીમ અપાશે.
- આ પ્રસંગે મહિલાઓને ઈન્ટરનેટની તાલીમ આપવા માટે વિશિષ્ટ ઈન્ટરનેટ સાઈકલ લોન્ચ કરી હતી

#### 4) ચર્ચીત પુસ્તક અને તેના લેખક :–

- 'કાશ્મીર : વાજપેયી યર્સ' – એ. એસ. દુલાત (રો ના ભૂતપૂર્વ વડા)
- 'મિશન રો' – આર. કે. યાદવ (રો ના ભૂતપૂર્વ અધિકારી)
- રો : રિસર્ચ એન્ડ એનાલિસિસ વિન્ગ (ભારતની ટોચની ગુપ્તચર સંસ્થા)

#### 5) ભારતની માથાદીઠ સરેરાશ આવક :–

- તાજેતરમાં વર્લ્ડ બેન્ક દ્વારા જારી કરવામાં આવેલા આંકડાઓ અનુસાર ભારતની માથાદીઠ સરેરાશ વાર્ષિક આવક ૧ લાખ રૂપિયા થઈ ગઈ છે.
- વર્ષ – ૨૦૧૩માં ભારતની માથાદિઠ સરેરાશ વાર્ષિક આવક ૧૫૬૦ હતી જે વધીને ૨૦૧૪ દરમિયાન ૧૬૧૦ ડોલર (લગભગ ૧ લાખ રૂપિયા) થઈ.
- માથાદીઠ સરેરાશ આવકમાં વધારો હોવા છતાં ભારતનો સમાવેશ હજુ પણ 'લોઅર મિડલ ઈનકમ' કેટેગરીમાં થાય છે.
- ૧૦૪૬ ડોલરથી ૪૧૨૫ની માથાદીઠ સરેરાશ આવક ધરાવતાં દેશોનો સમાવેશ 'લોઅર મિડલ ઈનકમ' કેટેગરીમાં થાય છે.

Vivekanand Academy, Gandhinagar